# દિલદાર સ્ટાર-કલાકારોની દોસ્તીની દાસ્તાનો

સંગત સિતારોં કી

★ સંજય છેલ

હમણાં ત્રણ દિવસ પહેલાં રવિવારે 'ફ્રેન્ડશિપ ડે' ગયો. ત્યારે ફિલ્મલાઇનમાં સ્ટાર લોકો વચ્ચેની દુશ્મનીના કિસ્સાઓ છાપાં, મેગેઝિન અને ટીવી મીડિયામાં ખૂબ ગાજતા હોય છે, પણ એની સામે કલાકારો વચ્ચે દોસ્તી પણ એવી જ તગડી હોય છે, જેના અનેક બેનમૂન દાખલાઓ વિશે આપણે વાત કરીશું. મજાની વાત એ છે કે 'દોસ્તી' શબ્દ પરથી બનેલી ફિલ્મો સાથે જ 'દોસ્તી'ના કિસ્સાઓ જોડાયેલા છે! 1964માં રાજશ્રી ફિલ્મ્સની મ્યુઝિકલ હિટ ફિલ્મ 'દોસ્તી'માં સંગીત લક્ષ્મીકાંત-પ્યારેલાલનું હતું, પણ બધાં જ ગીતોમાં માઉથ ઓર્ગન નામનું વાદ્ય એલ.પી.ના હરીફ સંગીતકાર આર.ડી. બર્મને વગાડ્યું હતું, કારણ કે હરીફાઈ કરતાં દોસ્તી વધુ મજબૂત હતી. પછી 1980માં આર.ડી.ના 'ચાંદ મેરા દિલ, ચાંદની હો તુમ' ગીત માટે મહંમદ રફીને પ્લેબેક સિંગરનો ફિલ્મફેર એવોર્ડ મળ્યો, પણ સંગીત માટે ત્યારે લક્ષ્મીકાંત-પ્યારેલાલને એવોર્ડ મળ્યો, આર.ડી.ને નહીં. એ જ ફિલ્મફેરના સમારંભમાં લક્ષ્મીકાંત-પ્યારેલાલ પોતાનાં ગીતો રજૂ કરવાનાં હતાં. ત્યારે પ્યારેલાલે સામેથી આર.ડી. બર્મનને કહ્યું: "પંચમદા, અમારો કાર્યક્રમ રફીસાહેબના અવાજમાં તમારા ગીત 'ચાંદ મેરા દિલ...'થી જ શરૂ કરીશું, જેને અમે અમારી ઓરકેસ્ટ્રા ટીમ સાથે પેશ કરીશું."

નિર્દેશક દુલાલ ગુહાએ 'દુશ્મન' (1971) જેવી અતિસફળ ફિલ્મ સુપરસ્ટાર રાજેશ ખન્ના સાથે બનાવી હતી. પછી એ જ ગુહાએ 'દુશ્મન' બાદ 1974માં 'દોસ્ત' ફિલ્મ બનાવી. બંને ફિલ્મોમાં રાજેશ ખન્ના અને શત્રુઘ્ન સિન્હાએ એકમેકને અપાવેલી હતી. પણ એ જ શત્રુઘ્નજી 1992માં દિલ્હીની લોકસભાની ચૂંટણીમાં રાજેશ ખન્ના સામે હારી ગયા હતા. જેને શત્રુઘ્નજીએ જિંદગીની સૌથી મોટી ભૂલ ગણાવી હતી અને કહ્યું હતું: "મારે મિત્ર સામે ચૂંટણીના કીચડમાં ઉતરવું જોઈએ નહોતું."

શરૂઆતના 90ના દાયકામાં શાહરુખ ખાન અને સલમાન ખાન વચ્ચે ખૂબ દોસ્તી હતી. પછી અચાનક એક ફિલ્મી પાર્ટીમાં નજીવી વાત માટે ઝગડો થયો અને શાહરુખ-સલમાન વચ્ચે વર્ષો સુધી અબોલા રહ્યા. ત્યાં સુધી કે શાહરુખની કંપનીએ બનાવેલી ફિલ્મ 'ચાલતે ચાલતે'માં પહેલાં ઐશ્વર્યા રાયને હીરોઇન તરીકે લેવામાં આવી હતી, પણ સલમાને સેટ પર જઈને ધમાલ મચાવી, જેને કારણે ઐશ્વર્યાએ ફિલ્મ ગુમાવવી પડી. આવી દુશ્મની છતાં પણ શાહરુખ સલમાનના મા-બાપને નિયમિત મળતો, સલમાનના લેખક-પિતા સલીમ ખાન સાથે ચર્ચાઓ કરતો અને સલમાનના ઘરે જમીને જ જતો. પછી જેમની તાજેતરમાં હત્યા થઈ તે મુંબઈના બાંદ્રા વિસ્તારના વિધાનસભ્ય સ્વ. બાબા સિદ્દીકીની એક ઈફ્તાર પાર્ટીમાં બાબા સિદ્દીકીએ સલમાન અને શાહરુખ વચ્ચે સુલેહ કરાવી હતી. ત્યારથી આજ સુધી તેમની દોસ્તી અકબંધ છે.

જો કે 'દોસ્તાના' (1980)ની વાર્તા ભલે બે દોસ્તોની દોસ્તી પર હતી, પણ એ ફિલ્મના શૂટિંગ દરમિયાન ગાઢ મિત્રો અમિતાભ બચ્ચન અને શત્રુઘ્ન સિન્હા વચ્ચે દુશ્મની શરૂ થઈ ગઈ હતી. બંનેએ 'દોસ્તાના' પછી ક્યારેય સાથે કામ કર્યું નહીં અને 'નસીબ' જેવી અધૂરી ફિલ્મ માંડ-માંડ પૂરી કરી. સંઘર્ષના સમયમાં શત્રુઘ્નજી અને અમિતજી સારા મિત્રો હતા. શત્રુઘ્ન ત્યારે સફળ સ્ટાર-વિલન બની ચૂક્યા હતા, એટલે એમની પાસે એક કાર હતી, જેમાં અમિતાભ સાથે ખૂબ રખડતા. પણ 'દોસ્તાના' પછી વર્ષો સુધી બંને વચ્ચે ભારે અબોલા રહ્યા. આમ તો 'કાળા પથ્થર' અને 'નસીબ' જેવી ફિલ્મોમાં જ બંને વચ્ચે તણાવ શરૂ થઈ ગયો હતો. વર્ષો બાદ અમિતાભે પુત્ર અભિષેકના લગ્ન નિમિત્તે આખી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મીઠાઈ મોકલાવી હતી, ત્યારે શત્રુઘ્નજીએ તો એ મીઠાઈ પણ પાછી મોકલાવી દીધી હતી. છેવટે હમણાં શત્રુઘ્ન બહુ જ બીમાર પડ્યા ત્યારે અમિતાભ એમને હોસ્પિટલમાં મળવા ગયા, બંને ભેટીને રડ્યા અને ફરી દોસ્તી સંધાઈ.

જે નિર્માતા-નિર્દેશક યશ ચોપરા સાથે સુપરસ્ટાર અમિતાભ બચ્ચને 'દીવાર', 'ત્રિશૂલ', 'કભી કભી' અને 'કાળા પથ્થર' જેવી યાદગાર ફિલ્મો કરી હતી, એ બંને વચ્ચે 1981માં આવેલી ફિલ્મ 'સિલસિલા' પછી દોસ્તી ખરાબ રીતે તૂટી ગઈ હતી. ત્યાં સુધી કે અમિતજીએ ખુશવંત સિંહ દ્વારા સંપાદિત પ્રતિષ્ઠિત મેગેઝિન 'ઈલસ્ટ્રેટેડ વીકલી'માં યશ ચોપરા વિશે કહ્યું હતું કે, "જો કોઈ ટેલેન્ટ વિના વારંવાર ફ્લૂકમાં, યોગાનુયોગ, નસીબજોગે કે તુક્કાથી સફળ થઈ શકે તો એ છે - યશ ચોપરા!" પછી છેક 2000માં અમિતજીનો ખરાબ સમય આવ્યો ત્યારે યશજીની 'મહોબ્બતે' ફિલ્મથી બંનેનો સંબંધ ફરી મહોબ્બતપૂર્વક રહ્યો.

1987માં નિર્દેશક મહેશ ભટ્ટે 'કાશ' નામની ફિલ્મ



**અમિતજીએ ખુશવંત સિંહ દ્વારા સંપાદિત પ્રતિષ્ઠિત મેગેઝિન 'ઇલસ્ટ્રેટેડ વીકલી'માં યશ ચોપરા વિશે કહ્યું હતું કે, "જો કોઈ ટેલેન્ટ વિના વારંવાર ફ્લૂકમાં, યોગાનુયોગ, નસીબજોગે કે તુક્કાથી સફળ થઈ શકે તો એ છે - યશ ચોપરા!**

લખી હતી, જેમાં એક ફ્લોપ અને હતાશ સુપરસ્ટાર, એના બાળક અને એક સમયની પત્ની સાથેના કડવા સંબંધોની વાર્તા હતી. પત્નીનો રોલ ડિમ્પલ કાપડિયાએ કરવાનો હતો, એટલે વાત સ્પષ્ટ હતી કે હીરોનો રોલ રાજેશ ખન્નાના વ્યક્તિત્વ પરથી પ્રેરિત હતો. મહેશ ભટ્ટે એ વાર્તા ત્યારેના સ્ટાર વિનોદ ખન્નાને સંભળાવી. વિનોદે તરત પૂછ્યું: "યહ ફિલ્મ કાકા કે કિરદાર પર લિખી ગઈ હૈ ના? સોરી, મૈં ફિલ્મ છોડ સકતા હૂં, દોસ્તી નહીં." કારણ કે વિનોદ અને રાજેશ કોલેજકાળના પાક્કા મિત્રો હતા.

એકવાર રાજ કપૂરના અભિનેતા પુત્ર અને કરીના કપૂરના પિતા રણધીર કપૂરે દેવ આનંદને અમસ્તાં જ કહ્યું હતું કે એમનો આર.કે. સ્ટુડિયો હવે બહુ ચાલતો નથી, કારણ કે મુંબઈથી દૂર ચેમ્બૂર વિસ્તારમાં હોવાને લીધે ટ્રાફિક પાર કરીને લોકો શૂટિંગ કરવા આવતા નથી. આ સાંભળીને દેવસાહેબે તરત કહ્યું: "આજ સે દેવકી કંપની નવકેતન કી હર ફિલ્મ કા સેટ રાજ કપૂર સ્ટુડિયો મેં હી લગેગા. મેરે યાર કા સ્ટુડિયો હૈ, ઉસ કે લિયે દેવ ઈતના તો કર સકતા હૈ ના?" અને 80 વર્ષની ઉંમરે પણ દેવસાહેબ પાર્લા-જુહૂથી જાતે દોઢ કલાક કાર ચલાવીને ચેમ્બૂર સુધી શૂટિંગ કરવા જતા. વળી રાજ કપૂર જ્યારે જીવનના અંતે કોમામાં હતા ત્યારે દિલીપકુમાર રાજજીને હોશમાં લાવવા એમના કાનમાં પેશાવરની બોલીમાં "ઉઠ જા લાલે... ઉઠ જા..." વગેરે બોલીને જગાડવાનો પ્રયત્ન કરતા, કારણ કે બંને મૂળ પાકિસ્તાનના પેશાવર વિસ્તારના હતા.

જો કે લોકો બોલીવૂડની આવી દોસ્તી વિશે ભાગ્યે જ વાત કરે છે, કારણ કે એમાં ગોસિપનો મસાલો નથી હોતો, કૂથલીમાં કૂટાયેલ મસાલો નથી મળતો. પણ સૌ ભૂલી જાય છે કે સ્ટાર હોય કે યાર, કલાકારો આખરે તો આપણાં જેવા જ રિસાતા-મનાતા હાડચામના માણસો છે.

# દહેજનો ડંખ, આયા તરીકે મજૂરી અને બની ગોલ્ડન ગર્લ

લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

**ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં મહિલા શોટ પુટ ઇવેન્ટમાં ઐતિહાસિક સુવર્ણ ચંદ્રક જીતીને ભારતની પેરા-એથ્લેટિક્સ મેડલ માટે 20 વર્ષની રાહનો અંત લાવ્યો!**

જીવનમાં જ્યારે સંઘર્ષ તેની ચરમસીમાએ પહોંચે છે, ત્યારે કાં તો માણસ તૂટી જાય છે અથવા તો તે ઈતિહાસ રચી દે છે. હરિયાણાના એક નાનકડા ગામમાં જન્મેલી અને જીવનના અસહ્ય દુઃખોના દાવાનળમાંથી પસાર થયેલી એક દીકરી જ્યારે વૈશ્વિક મંચ પર તિરંગો લહેરાવે છે, ત્યારે તે માત્ર એક ખેલનો વિજય નથી રહેતો, પરંતુ તે સંકલ્પશક્તિ, ધૈર્ય અને અખૂટ હિંમતની અમર ગાથા બની જાય છે. કોમનવેલ્થ ગેમ્સ 2026માં મહિલાઓની શોટપુટ એફ-57 સ્પર્ધામાં 9.81 મીટરના સુવર્ણ થ્રો સાથે ગોલ્ડ મેડલ જીતનારી શર્મિલા ધનખડની આ રોમાંચક અને અશ્રુભીની સફર આજના ભારતની યુવા પેઢી માટે એક અદભુત પ્રેરણાસ્રોત છે. 15 ઓગસ્ટ, 1986ના રોજ હરિયાણાના રેવાડી જિલ્લાના ચિત્રૌલી ગામમાં શર્મિલાનો જન્મ થયો હતો. વિધાતાએ જાણે તેમના નસીબમાં શરૂઆતથી જ કઠોર કસોટીઓ લખી રાખી હતી. દુષ્કાળથી પીડાતા ગામના અત્યંત ગરીબ પરિવારમાં જન્મેલી શર્મિલાની માતા સૂરજની રોશનીથી વંચિત, એટલે કે નેત્રહીન હતી અને પિતા એક સામાન્ય ખેડૂત હતા. ત્રણ બહેનોમાં શર્મિલા વચેટ દીકરી હતી. જ્યારે બાળપણમાં અન્ય બાળકો રમતગમતના મેદાનમાં દોડતા હતા, ત્યારે માત્ર બે વર્ષની કુમળી વયે આવેલા તેજ તાવ અને તબીબી સુવિધાઓના અભાવને કારણે તેમના ડાબા પગમાં પોલિયો થઈ ગયો હતો. આ ઘટનાએ શર્મિલાને આજીવન માટે દિવ્યાંગ બનાવી દીધી હતી, પરંતુ આ તો માત્ર શારીરિક અસમર્થતાનો પહેલો ઘા હતો. કુદરતે તેમની વધુ કડક પરીક્ષા તો હજુ બાકી રાખી હતી.

માત્ર 18 વર્ષની વયે, જ્યારે જીવનના સ્વપ્નો ખીલવાની ઉંમર હોય છે, ત્યારે શર્મિલાનાં લગ્ન એવા ઘરમાં કરી દેવામાં આવ્યા હતા, જ્યાં પ્રેમ કે સંવેદના નામની કોઈ વસ્તુ નહોતી. દહેજની ભૂખી રાક્ષસી માનસિકતા ધરાવતા સાસરિયાઓએ આ નિર્દોષ અને દિવ્યાંગ દીકરી પર શારીરિક તેમજ માનસિક અત્યાચારોની સીમાઓ વટાવી દીધી હતી. વર્ષો સુધી તેમણે અસહ્ય મારઝૂડ અને તિરસ્કાર સહન કર્યો હતો. જ્યારે શર્મિલા 26 વર્ષની થયાં અને બે માસૂમ દીકરીઓની માતા બની ચૂક્યાં હતાં, ત્યારે તેમના પહેલા પતિએ તેમને નિર્દયતાથી ઘરની બહાર કાઢી મૂક્યાં હતાં. બે નાની દીકરીઓ, ડાબા પગની લાચારી, સમાજનું મેણું અને ભવિષ્યનો ઘોર અંધકાર! તે સમયે શર્મિલાના મનમાં અનેકવાર આત્મહત્યા કરીને જીવન ટૂંકાવી દેવાના વિચારો આવ્યા હતા, પરંતુ પોતાની બંને માસૂમ દીકરીઓના ચહેરા જોઈને તેમણે પોતાના આંસુ લૂછી નાખ્યાં હતાં. તેઓ પિતાના ઘરે પાછાં ફર્યાં અને પરિવાર પર બોજ બનવાને બદલે અન્યના ઘરોમાં 'આયા' (કામવાળી) તરીકે કામ કરવાનું શરૂ કર્યું હતું. જે હાથમાં ભવિષ્યમાં ગોલ્ડ મેડલ લખાયેલો હતો, તે હાથ તે સમયે પોતાના બાળકોના પેટનો ખાડો પૂરવા માટે મજૂરી કરી રહ્યા હતા. અંધકારમય રાત્રિ પછી જે રીતે સૂર્યોદય થાય છે, તેમ 28 વર્ષની વયે શર્મિલાના જીવનમાં અજીત સિંહ આવ્યા. બીજા લગ્ન શર્મિલાના જીવનમાં પુનર્જન્મ સાબિત થયા હતા. અજીત સિંહે માત્ર શર્મિલાને જ નહીં, પરંતુ તેમની બંને દીકરીઓને પણ અપનાવી અને શર્મિલાની અંદર દબાયેલી આત્મશક્તિને ઓળખી હતી. તેમણે શર્મિલાને પેરા એથ્લેટિક્સમાં રમવા માટે સતત પ્રોત્સાહિત કર્યા હતા.

પોતાની અંદર રહેલા દુઃખ અને ક્રોધને રમતના મેદાનમાં શક્તિ બનાવવા માટે શર્મિલા રાવ તુલા રામ સ્ટેડિયમ પહોંચ્યાં હતાં. ત્યાં તેમના સંબંધી અને પેરા એથ્લિટ ટેકચંદે તેમના કોચ બનીને માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે શર્મિલાએ પહેલીવાર શોટપુટ (ગોળા ફેંક) હાથમાં લીધો, ત્યારે તેઓ માત્ર 5 મીટર જ ફેંકી શક્યાં હતાં. તે સમયે રાષ્ટ્રીય રેકોર્ડ 6 મીટરનો હતો, પરંતુ જે સ્ત્રીએ જીવનમાં અગ્નિપરીક્ષાઓ આપી હોય, તેના માટે 6 મીટરનો રેકોર્ડ તોડવો અશક્ય નહોતો. શર્મિલાએ પોતાની તમામ પીડા, અપમાન અને ભૂતકાળના ઘાવોને પોતાની તાકાત બનાવી દીધી હતી. દિવસ-રાત પરસેવો પાડીને તેમણે આકરી તાલીમ લીધી. માત્ર એક જ વર્ષની અંદર તેમણે નેશનલ ચેમ્પિયનશિપમાં 7.40 મીટરના થ્રો સાથે ગોલ્ડ મેડલ જીતીને નવો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. જે દુનિયા એક સમયે તેમની લાચારી પર હસતી હતી, તે દુનિયા હવે તેમના પરાક્રમ પર તાળીઓ પાડી રહી હતી. તેમની આ જીતમાં તેમના પતિ અજીત સિંહ અને બંને દીકરીઓ ખડકની જેમ તેમની પાછળ ઊભાં રહ્યાં હતાં. પોતાની માતાની આ અદભુત વાપસીથી પ્રેરિત થઈને તેમની બંને દીકરીઓએ પણ રમતગમતના ક્ષેત્રમાં ઝંપલાવ્યું હતું. બર્મિંગહામ 2022 કોમનવેલ્થ ગેમ્સમાં શર્મિલાએ પોતાનું આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ કર્યું હતું. તેમાં તેઓ 8.43 મીટરના થ્રો સાથે ચોથા ક્રમે રહ્યાં અને ખૂબ જ નાના અંતરથી મેડલ ચૂકી ગયાં હતાં. પરંતુ હાર માનવી તો શર્મિલાના લોહીમાં જ નહોતી. તેમણે પોતાની ખામીઓ પર કામ કરવાનું શરૂ કર્યું હતું. વર્ષ 2025માં બેંગલુરુ ખાતે યોજાયેલી ઈન્ડિયન ઓપન પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં તેમણે 9.77 મીટરના થ્રો સાથે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. ત્યારબાદ 2026માં દુબઈ ખાતે યોજાયેલી ફઝ્ઝા ઈન્ટરનેશનલ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં એફ-57 શોટપુટમાં 8.86 મીટર સાથે ગોલ્ડ અને ડિસ્કસ થ્રોમાં બ્રોન્ઝ મેડલ જીતીને વૈશ્વિક સ્તરે પોતાની ધાક જમાવી હતી.

કોમનવેલ્થ ગેમ્સ 2026નો ફાઈનલ રાઉન્ડ શર્મિલાના જીવનની સૌથી મોટી અગ્નિપરીક્ષા હતો. કેનેડા, ઈંગ્લેન્ડ, વેલ્સ, ઘાના અને ઓસ્ટ્રેલિયા જેવા રમતગમતના મહારથી દેશોના દિગ્ગજ એથ્લેટ્સ તેમની સામે મેદાનમાં હતા. પરંતુ શર્મિલા માટે આ માત્ર એક રમત નહોતી; આ તેમના આખા જીવનના સંઘર્ષ, આંસુ અને તિરસ્કારનો જવાબ આપવાનો સમય હતો. તેમણે પૂરી તાકાત અને આત્મવિશ્વાસ સાથે 9.81 મીટરનો વિસ્ફોટક થ્રો કર્યો. આ થ્રો સાથે જ તેમણે તમામ વિરોધીઓને પાછળ છોડી દીધા અને કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં પેરા એથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા એથ્લેટ બનીને ઈતિહાસના સુવર્ણ અક્ષરોમાં પોતાનું નામ નોંધાવી દીધું. એક તરફ દેશની ઝેન-જી પોતાના હક્કો માટે મેદાને પડી છે, ત્યારે શર્મિલા ધનખડની આ વિજયગાથા માત્ર રમતગમતના સમાચાર નથી, પરંતુ આજના યુવાનો માટે, ખાસ કરીને નિરાશાના વાદળોથી ઘેરાયેલા અને જીવનના નાના-નાના સંકટોથી ભાંગી પડતા યુવાનો માટે એક જીવંત મંત્ર છે.

આજના યુવાઓએ સમજી લેવું જોઈએ કે– સ્થિતિ ગમે તેટલી ખરાબ હોય, તમારું ભવિષ્ય તમારા હાથમાં છે. ગરીબી, શારીરિક અક્ષમતા કે સામાજિક તિરસ્કાર તમને ક્યારેય રોકી શકતા નથી, જો તમારી અંદર આગળ વધવાની ઝીલ હોય.

અંત એ જ નવી શરૂઆત છે. જ્યારે જિંદગી તમને સાવ નીચે પાડી દે, ત્યારે સમજી લેવું કે હવે ત્યાંથી માત્ર ઉપર જ જવાનો રસ્તો બાકી છે. પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. આંસુઓને પોતાની શક્તિ બનાવીને જો યોગ્ય દિશામાં મહેનત કરવામાં આવે, તો દુનિયાની કોઈ તાકાત તમને ગોલ્ડ મેડલ જીતતા રોકી શકતી નથી. પોલિયોથી પીડિત, દહેજની હિંસા સામે અડગ રહી અને 'આયા' તરીકે કામ કરીને હરિયાણાની એક સાધારણ નારી આજે વિશ્વના તખ્ત પર ભારતનું મસ્તક ગૌરવથી ઊંચું કરી રહી છે. શર્મિલા ધનખડની આ સફળતા દરેક ભારતીય યુવાનના હૃદયમાં એક જ વાત ગૂંજવતી રહેશે– 'મુશ્કેલીઓ ગમે તેટલી વિકટ હોય, અડગ મનોબળ આગળ કુદરતને પણ ઝૂકવું જ પડે છે.'




# અંતે જોઈએ છે શું?

આંખની અટારી

★ હેમુ ભીખુ




સૌપ્રથમ અહીં એ સ્પષ્ટતા જરૂરી છે કે દરેક પરિસ્થિતિ માટે અપવાદ શક્ય છે. અહીં એ પ્રકારની વાત છે, એ પ્રકારનાં "બોલકા" લોકોની વાત છે કે જેઓ માત્ર વિરોધ કરવા, પોતાનું અસ્તિત્વ દેખાડવા માટે જે તે પ્રકારની વાતો વહેતી કરતાં હોય છે. સમાજમાં પોતાનાં અસ્તિત્વનું મહત્વ સ્થાપિત કરવા તેઓ જે જે વાતો કહેતાં હોય છે તેમાં પણ અપ્રમાણસરનો વિરોધાભાસ જોવા મળે. એ સમજી જ ન શકાય કે અંતે તેમને કરવું છે શું, કહેવું છે શું, તેમને જોઈએ છે શું. આ લોકો જો ટ્રાફિક પોલીસ કડક બને તો તેમને સંવેદનહીન અને અમાનવીય તરીકે દર્શાવે અને જો ટ્રાફિક પોલીસ છૂટછાટ આપે તો તેઓ પોતાની ફરજ ચૂકે છે એમ સાબિત કરવાનો પ્રયત્ન કરે. ટ્રાફિક પોલીસ કરે તો શું કરે. અહીં ટ્રાફિક પોલીસની તો માત્ર એક ઉદાહરણ તરીકે વાત થાય છે, બોલકા લોકોનો આ પ્રકારનો અભિગમ સર્વત્ર છે.

કોઈ શૈક્ષણિક સંસ્થા ફીમાં વધારો કરે તો તેની માટે આંદોલન થઈ જાય. મર્યાદિત ફીને કારણે શિક્ષણ સંસ્થા અમુક પ્રકારની સવલતો ન આપી શકે તો તેનો વાંધો હોય. શૈક્ષણિક સંસ્થા કરે તો શું કરે. ૬૦૦ રૂપિયાનો પીઝા દર અઠવાડિયે ખાનાર વ્યક્તિને પોતાની કોલેજની કેન્ટીનના ઢોંસાનો ભાવ પાંચ રૂપિયા વધે તો તેને મોંઘવારી નડવા માંડે છે. બેંકમાંથી વ્યાજે પૈસા લઈ કુટુંબ સાથે પરદેશ ફરવા જનાર વ્યક્તિને બેંકના વ્યાજમાં ૦.૨૫ પ્રતિશતનો વધારો પોષાતો નથી. એ વાત સાચી છે કે આ બધો વધારો મધ્યમ વર્ગને નડે. પરંતુ મધ્યમ વર્ગ તો પોતાની ગોઠવણ કરી લે છે. તેઓ વર્ષમાં એકવાર કદાચ ૨૦૦ રૂપિયાનો પીઝા જ ખાશે, અને વ્યાજે પૈસા લઈને આબુ પણ ફરવા નહીં જાય. તેમને તો આ બધી ચિંતા જ નથી હોતી, કદાચ હોવી જોઈએ. પરંતુ તેઓ જાણે છે કે બે-ચાર વર્ષે દૂધના ભાવમાં લીટરે ૫૦ પૈસાનો વધારો થઈ પણ શકે. પરંતુ બોલકા લોકોને અમુક પ્રકારની રજૂઆત કરવાની, અમુક પ્રકારનાં મુદ્દા ઉભાં કરવાની, અમુક પ્રકારની નકારાત્મક વિચારસરણીની આદત પડી ગઈ છે. હકીકતમાં આ લોકોને અંતે શું કરવું છે તેની જ ખબર નથી હોતી.

આ રીતે જે તે બાબતનો વિરોધ કરવો એ દંભ પણ નથી. દંભ એટલે પોતાની માન્યતા, સિદ્ધાંત, નૈતિકતા, વ્યવસ્થા, આચરણ તથા વ્યવહાર યોગ્ય ન હોય તો પણ તેને યોગ્ય તરીકે સ્થાપિત કરવાની ચેષ્ટા. એમ પણ કહી શકાય કે વ્યક્તિ પોતે અમુક ધારાધોરણનું પાલન ન કરે અને અન્યને તે માટે સમજાવે તે પણ દંભ છે. દંભમાં લુચ્ચાઈ હોય, સ્વાર્થ હોય અને ક્યારેક કપટ પણ હોય. એ રીતે આ પ્રકારે બોલકા વ્યક્તિઓ દંભી છે તેમ કહી શકાય, પરંતુ તેમનું આચરણ દંભ કરતાં પણ વધુ જોખમી, નકારાત્મક અને વિનાશક રહે.

પાપમય જીવન જીવનાર વ્યક્તિ ધાર્મિકતાના પ્રચાર માટે પ્રયત્ન કરે, વ્યસન કરનાર વ્યક્તિ વ્યસન મુક્તિના સેમીનારમાં પ્રવચન આપે, ભ્રષ્ટ રાજકારણી ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઝુંબેશ ચલાવે, મહેલોમાં રહેનાર વ્યક્તિ ગરીબોની સ્થિતિ વિશે ચિંતા વ્યક્ત કરે, વારસાગત સત્તા મેળવનાર વ્યક્તિ લોકશાહીનાં મૂલ્યો વિશે વાત કરે, હિંસાને આધારે પોતાનું સામ્રાજ્ય સ્થાપના વ્યક્તિ રક્તદાનની શિબિર યોજે, જેનાં ઘરના દરેક ટોયલેટમાં બાથટબ તેમ જ શાવરની વ્યવસ્થા હોય તે વ્યક્તિ પાણી બચાવો માટે રેલી યોજે, પોતાનાં ઔદ્યોગિક એકમમાંથી ઝેરી ગેસ વાતાવરણમાં કે પ્રદૂષિત પાણી નદીમાં છોડનાર વ્યક્તિ "ગો ગ્રીન"ની વકીલાત કરે, ધર્માંધતામાં હિંસા કરનાર શાંતિદૂત બનવાનો પ્રયત્ન કરે, પુત્ર માટે દહેજ માંગનાર પુત્ર-પુત્રીની સમાનતા માટે જાગૃતિ અભિયાન ચલાવે કે અન્ય કોઈ સ્વરૂપે જો વ્યક્તિ વિચાર - વાણી - વર્તનમાં ભેદ રાખે તેવી વ્યક્તિ દંભી કહેવાય. પણ અંતે તો તેમને ખબર હોય છે કે તેઓ શું કરે છે. આવી બે મોઢાંવાળી વ્યક્તિ પણ સ્પષ્ટ હોય છે કે કયું મોઢું ક્યારે દેખાડવું. આ પ્રકારના લોકોની એક સ્પષ્ટ વિચારસરણી હોય છે. તેઓ સ્પષ્ટ હોય છે, કન્ફ્યુઝ્ડ નથી હોતાં.

જ્યારે બોલકા લોકો દ્વારા વિરોધ તો માત્ર વિરોધ કરવા માટે જ થતો હોય છે. આ પ્રકારનાં લોકો માત્ર મીડિયાના ધ્યાનમાં રહી શકાય તે માટે પ્રયત્નશીલ રહે. એ વાત સાચી છે કે દુનિયાનાં મોટાભાગનાં લોકોને સ્થાપિત વ્યવસ્થા સામે કોઈને કોઈ ફરિયાદ તો હોય જ. આચાર્ય ચાણક્ય કીધું છે કે દુનિયામાં એવો કોઈ પણ નિયમ ન હોઈ શકે કે જેનાથી દરેક વ્યક્તિને ન્યાય મળવાની સંભાવના હોય. ક્યાંક તો કચાશ રહેવાની જ. કોઈપણ નિયમ દરેક વ્યક્તિને સંતોષ ન આપી શકે. ભાર વિનાના ભણતરમાં બાળક અમુક રીતે હોશિયાર ન બની શકે, અને જો શિક્ષક કડપ દેખાડે તો બીજા પ્રકારની તકલીફ રહે.

**અમુક લોકો, જ્યારે કોઈ ચુપ રહે ત્યારે કહે કે બોર નથી વેચાતાં, અને બોલે તો કહે કે ગુણનો વિકાસ નથી થતો, કોઈપણ સમજી નથી શકતું કે અંતે તેમને જોઈએ છે શું?**

દરેક વ્યવસ્થામાં કોઈક તો નબળાઈ હોય જ. જે બધે જ વિરોધ કરે તેને ખબર જ ન હોય કે અંતે કરવું છે શું. ન બોલ્યા માં નવ ગુણ પણ છે અને બોલે એના બોર પણ વેચાય છે - નક્કી તો કરવું પડે ને કે ગુણ જોઈએ છે કે બોર વેચવા છે. અમુક લોકો, જ્યારે કોઈ ચુપ રહે ત્યારે કહે કે બોર નથી વેચાતાં, અને બોલે તો કહે કે ગુણનો વિકાસ નથી થતો. કોઈપણ સમજી નથી શકતું કે અંતે તેમને જોઈએ છે શું.

આ બાબતની 'અજાણતા' હોય તો ચાલી જાય, પરંતુ જો આ કપટના ભાગ સ્વરૂપે હોય તો તેનો વિરોધ થવો જોઈએ. અંતે શું કહેવું છે, અંતે શું કરવું છે, અંતે શું જોઈએ છે, તેની જ સ્પષ્ટતા ન હોય તો સામેવાળી વ્યક્તિ કેવી રીતે 'યોગ્ય પગલાં' લઈ શકે. ક્યારેક એમ લાગે છે કે વિરોધ કરવો એ એક પ્રકારનો વ્યવસાય બની ગયો છે.

ક્યારેક તો વિરોધ કરનારને ખબર પણ નથી હોતી કે અન્ય કોઈ વિકલ્પ સંભવ છે કે નહીં. વિરોધ કરનાર વ્યક્તિને સમાજે પૂછવું જોઈએ કે "સમગ્રતા"માં અંતે જોઈએ છે શું.